ખાનગી

સિન્ડિકેટ–ડીસેમ્બર–૨૦૧૧

તા.૨૯–૧૨–૨૦૧૧

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,
# જામનગર.

## સિન્ડિકેટની ખાસ સભાની કાર્યવાહીની નોંધ

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સિન્ડિકેટની ખાસ સભા તા. ૨૯–૧૨–૨૦૧૧ ને ગુરુવારના રોજ સવારે ૧૧–૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલય, ચાણકય ભવન, જામનગર ખાતે પ્રમુખ સ્થાને મા.કુલપતિશ્રી પ્રો.મેધાવીલાલ શર્માની ઉપસ્થિતિમાં મળેલ હતી.

**સદસ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.**

| | | |
|---|---|---|
| (૧) | પ્રો. મેધાવીલાલ શર્મા, કુલપતિશ્રી,<br>ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર | ચેરમેનશ્રી |
| (૨) | શ્રી એસ. સી. પંત<br>નિયામકશ્રી, ભા.ત.હો.પ., ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી |
| (૩) | ડો. એસ. પી. નાવડીયા, આચાર્યશ્રી | સભ્યશ્રી |
| (૪) | ડો. જી. કે. મનસુરી, શિક્ષકશ્રી | સભ્યશ્રી |
| (૫) | ડો. એ. બી. ઠાકર, શિક્ષકશ્રી, પી.જી. વિભાગ | સભ્યશ્રી |
| (૬) | ડો. કે. એલ. કોરડીયા, સ્નાતકશ્રી | સભ્યશ્રી |
| (૭) | ડો. પી. એસ. સાપાવાડીયા, સ્નાતકશ્રી | સભ્યશ્રી |
| (૮) | ડો. બી. એન. ફળદુ, ગુજરાત સરકાર નોમીની | સભ્યશ્રી |

**નીચે દર્શાવેલ સદસ્યશ્રીઓ હાજર રહી શકેલ નહીં.**

| | | |
|---|---|---|
| (૧) | એડવાઈઝરશ્રી, ( આયુર્વેદ )<br>આઈ. એસ.એમ. એન્ડ એચ., ન્યુ દિલ્હી | સભ્યશ્રી |
| (૨) | પ્રો. એમ.એસ. બઘેલ, નિયામકશ્રી,<br>આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ, જામનગર | સભ્યશ્રી |
| (૩) | ડો. એન. બી. કપોપરા, આચાર્યશ્રી, | સભ્યશ્રી |
| (૪) | ડો. કમલેશભાઈ રાજગોર, ગુજરાત સરકાર નોમીની | સભ્યશ્રી |

**કાર્યસૂચિ–૧ શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી તથા યુનિવર્સિટી વચ્ચે કરવામાં આવેલ લીઝ ડીડ રીન્યુ કરવા બાબત.**

શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી, જામનગર પાસેથી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીને આયુર્વેદની ચાલતી પ્રવૃતિઓ સાથે સોસાયટીની સ્થાવર તેમજ જંગમ મિલ્કતો જેવી કે બિલ્ડીંગો, જમીન તેમજ ફર્નીચર ફીકચર્સ તથા ઈકવીપમેન્ટ તે તમામ તા.૦૩–૧૨–૧૯૮૬થી વાર્ષિક રૂા.૧/– અંકે રૂપિયા એક પુરાના ટોકન ભાડાથી ૨૫ વર્ષના પટે લીઝ ઉપર મળેલ. આમ શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી, જામનગર તથા યુનિવર્સિટી વચ્ચે તા. ૦૩–૧૨–૧૯૮૬ થી ૨૫ વર્ષના પટ્ટે કરવામાં આવેલ લીઝ ડીડની મુદત તા. ૦૨/૧૨/૨૦૧૧ના રોજ પૂર્ણ થઈ ગયેલ છે. યુનિવર્સિટી તથા સોસાયટી વચ્ચે કરવામાં આવેલ લીઝ ડીડની મુદત પૂર્ણ થતી હોવાથી લીઝ–ડીડ રીન્યુ કરવા બાબત અંગે નિર્ણય થવાનો મુદ્દો સિન્ડીકેટની તા.૧૯–૦૨–૧૦ની સભામાં કાર્યસુચિ–૪૯ થી રજુ કરવામાં આવેલ. જે અન્વયે લેવાયેલ નિર્ણય અનુસાર શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદીક સોસાયટી, જામનગર તથા યુનિવર્સિટી વચ્ચે કરવામાં આવેલ લીઝ ડીડ રીન્યુ કરવા માટે મંજુરી આપવામાં આવેલ અને આ લીઝ ડીડ ૯૯ વર્ષનું

કરવા ભલામણ કરવામાં આવેલ. જેના અનુસંધાને સદરહુ લીઝ ડીડ રીન્યુ કરવા માટે યુનિવર્સિટી ધ્વારા શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટીને સૌ પ્રથમ પત્ર નં. ઈએમ/૧૩–૪૬/૩૮૧૮ તા.૮–૩–૨૦૧૦ થી જણાવવામાં આવેલ. ત્યારબાદ સમયાંતરે યુનિવર્સિટી ધ્વારા સોસાયટીને આ બાબત પત્રો / સ્મૃતિપત્રો પાઠવવામાં આવેલ અને છેલ્લે તા.૬–૧૧–૨૦૧૧ના રોજ શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટીના ટ્રસ્ટીશ્રીઓ તથા યુનિવર્સિટી અધિકારીશ્રીઓની એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ અને આ મીટીંગમાં યુનિવર્સિટી અધિકારીશ્રીઓ ધ્વારા લીઝ ડીડ આગામી ૯૯ વર્ષ માટે રીન્યુ કરી આપવા ટ્રસ્ટીશ્રીઓને જણાવવામાં આવેલ તેમજ લીઝ–ડીડ રીન્યુ કરવા બાબતે જરુરી ચર્ચા વિચારણા કરવામાં આવેલ.

દરમ્યાનમાં શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી તરફથી તા. ૭–૧૨–૨૦૧૧ નો પત્ર આવેલ છે પત્રમાં જણાવ્યા અનુસાર આ આવેલ પત્રની સાથે સામેલ રાખેલ કુલ–૧૦ નવી શરતો ઉમેરી લીઝ ડીડ રીન્યુ કરી આપવા કાર્યવાહી હાથ ધરાશે જે શરતો સ્વીકાર્ય થયાની જાણ દિવસ–૩૦ માં કરવા શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી ધ્વારા જણાવવામાં આવેલ છે. સદરહુ સોસાયટી ધ્વારા આવેલ પત્ર તથા પત્રની સાથે સામેલ રાખેલ શરતો વિચારણા માટે તથા તે અંગે કોઈ સુચન / મંતવ્ય હોય તો તે મોકલાવી આપવા માટે યુનિવર્સિટીના પત્ર નં. ઈએમ/૧૩–૪૬/ ૩૦૧૨, તા. ૦૮/૧૨/૨૦૧૧ થી સર્વે સિન્ડીકેટ સદસ્યશ્રીઓને મોકલાવવામાં આવેલ.

તદ્અનુસાર ઉપરોકત વિગતે શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસયાટી ધ્વારા હાલના લીઝ ડીડની શરતો ઉપરાંતની નવી શરતો ઉમેરી લીઝ ડીડ રીન્યુ કરવાનું સ્વીકાર્ય છે તે બાબતની જાણ શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટીને દિવસ–૩૦માં કરવાની હોય, આ નવી શરતો સ્વીકારવા બાબત યુનિવર્સિટી ધ્વારા યોગ્ય નિર્ણય કરવાનો રહે છે.

ઉપરોકત વિગતે શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી, જામનગર તરફથી આવેલ તા. ૦૭/૧૨/૨૦૧૧ ના પત્રમાં સામેલ વિગતો તથા શરતો ધ્યાનમાં લઈ શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદીક સોસાયટી, જામનગર તથા યુનિવર્સિટી વચ્ચે કરવામાં આવેલ લીઝ ડીડ રીન્યુ કરવા બાબતે નિર્ણય થવા પ્રસ્તાવ રજુ કરેલ.

આ સિન્ડિકેટની આજની તા. ૨૯/૧૨/૨૦૧૧ ના રોજની સભાની શરૂઆતમાં શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટી દ્વારા યુનિવર્સિટીને સ્થાવર મિલ્કત સહિતની વિશાળ જગ્યા લીઝ ડીડ કરીને સ્વ. રાજમાતા ગુલાબકુંવરબા, સમગ્ર રાજવી પરિવાર, શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટી તથા ડો. પી. એમ. મહેતાના પ્રયત્નો દ્વારા ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ આયુર્વેદના વિકાસના ઉપયોગમાં લેવા માટે આપેલ છે, જેને માટે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી અને સિન્ડિકેટની આ સભા આભારી છે અને હંમેશાં તેઓના ૠણી રહેશે.

મીટીંગના એજન્ડા બાબતે મુદાવાર ચર્ચા કરવામાં આવેલ અને થયેલ ચર્ચાના અંતે મુદાવાર નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ.

**મુદા નં. ૧ :– લીઝવાળી જગ્યામાં દુકાનોનું બાંધકામ કરવા સંમતિ આપવા બાબત તથા નવી લાયબ્રેરી અને દુકાનો અને લાયબ્રેરી વચ્ચે દિવાલ સ્વ ખર્ચે બાંધવા વિ. બાબત.**

આ બાબતની ચર્ચા માટે અગાઉની સિન્ડિકેટની તા. ૩૦/૦૪/૨૦૦૮ ની કાર્યસૂચિ–૩૬ તથા નિર્ણય અને તા. ૧૯/૦૨/૨૦૧૦ ની કાર્યસૂચિ–૪૩ તથા નિર્ણય તેમજ તા. ૩૦/૦૪/૨૦૦૮ નો કમિશ્નરશ્રી, જામનગર મહાનગર પાલિકાનો પત્ર તથા આ બાબતે સંબંધિત અન્ય તમામ પત્રો–વિગતો સિન્ડિકેટ સમક્ષ રજુ કરવામાં આવેલ. આ રજુઆતોમાં ટ્રાફીક અડચણો દુર કરવાની બાબત પ્રજાલક્ષી હોય યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષપદે મુદા નંબર–૧નો નિર્ણય કરવા માટે નીચે મુજબની એક કમિટિની રચના કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

(૧) પ્રો. મેધાવીલાલ શર્મા, કુલપતિશ્રી – અધ્યક્ષ
(૨) પ્રો. વસુબેન ત્રિવેદી, સેનેટરશ્રી – સભ્યશ્રી
(૩) શ્રી એસ.સી.પંત,નિયામકશ્રી, ભા.ત.હો.પ.,ગાંધીનગર– સભ્યશ્રી
(૪) કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા,જામનગર– સભ્યશ્રી
(૫) ડો. કે. એલ. કોરડીયા, સિન્ડિકેટ સદસ્યશ્રી – સભ્યશ્રી
(૬) શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટીના એક પ્રતિનિધિ – સભ્યશ્રી
(૭) અરવિંદભાઈ શાહ, જામનગર

**મુદા નં. ૨ :– સોસાયટીએ સોંપેલ સ્થાવર મિલ્કતોની કિંમત ભરપાઈ કરવા તેમજ નવા બાંધકામો માટે સોસાયટીની પૂર્વ મંજુરી મેળવવા વિ. બાબત.**

સોસાયટી દ્વારા યુનિવર્સિટીને સોંપાયેલ જુની સ્થાવર મિલ્કતો પૈકી યુનિવર્સિટી દ્વારા કેમ્પસના વિકાસ માટે તથા સને–૨૦૦૧ ના વર્ષના ધરતીકંપને લીધે તેમજ અન્ય કુદરતી આફતોને લીધે સમારકામ ન થઈ શકે તેવું નુકસાન થયેલ જે કોઈ સ્થાવર મિલ્કતો તોડી પાડવામાં આવેલ જેની યાદી અને તેની ઘસારા (ડેપ્રીસીએશન) બાદની કિંમતની ગણતરી કરી સોસાયટીને આપવી અને સોસાયટીના ચોપડે હિસાબ પૂર્ણ કરવાની કાર્યવાહીમાં સહયોગ આપવો તેવું ઠરાવવામાં આવ્યું.

ભવિષ્યમાં સોસાયટી દ્વારા યુનિવર્સિટીને આપવામાં આવેલ મિલ્કત / જમીન પર આયુર્વેદના વિકાસ માટે જો નવા બાંધકામ હાથ ધરવામાં આવે તો તેની જાણ સોસાયટીને કરવી તેવું ઠરાવવામાં આવ્યું.

**મુદા નં. ૩ :– લીઝ ડીડમાં લાયબ્રેરી, પ્રિન્ટીંગ પ્રેસ મશીનરી ટાઈપ ઈકવીપમેન્ટ ફાર્મસી મશીનરી વિગેરે બિન ઉપયોગી અને ૨૫ વર્ષ પહેલાંની ખરીદી હોય સોસાયટીના રેકર્ડ પરથી દુર કરવા તેની કિંમત યુનિવર્સિટીએ ભરપાઈ કરવા વિ. બાબત.**

લીઝ ડીડમાં લાયબ્રેરી, પ્રિન્ટીંગ પ્રેસ મશીનરી ટાઈપ ઈકવીપમેન્ટ ફાર્મસી મશીનરી વિગેરે ઘણાં વર્ષો જુના હોય આ પૈકી એનેક્ષચરો મુજબના ઘણાં સાધનોનો યુનિવર્સિટી દ્વારા જે તે સમયે નિકાલ કરવામાં આવેલ તેની વિગત એનેક્ષચરમાં તૈયાર કરી તેની સામે રદબાતલ અથવા નાશ કરવામાં આવેલ કે હયાત છે તેવા રીમાર્કસ લખી આ યાદી સોસાયટીને સુપરત કરવાનું ઠરાવવામાં આવ્યું અને એ પૈકી કોઈ વસ્તુઓનો નિકાલ કરવામાં આવેલ હોય તો તે વસ્તુઓની જે તે સમયે ઉપજેલ કિંમત બાબતે યુનિવર્સિટી તથા સોસાયટી પરસ્પર પરામર્શ કરી નિર્ણય લેશે તેવું ઠરાવવામાં આવ્યું.

**મુદા નં. ૪ :– સોસાયટીના એકને બદલે બે પ્રતિનિધિની સેનેટ સદસ્ય તરીકે નિમણુંક આપવા વિ. બાબત.**

સેનેટના પ્રતિનિધિની સંખ્યા તે બાબતે પસાર થયેલ એક્ટ અનુસાર નકકી થતી હોય આ બાબત સિન્ડિકેટના કાર્યક્ષેત્રમાં આવતી ન હોય કોઈ ચર્ચા કરવાની રહેતી નથી તેમ ઠરાવવામાં આવ્યું.

**મુદા નં.૫ અને ૬:– સોસાયટીના દવાખાના – કેમ્પ માટે જરૂરીયાત મુજબની વિના મૂલ્યે દવાઓ આપવા બાબત તથા સોસાયટીના દવાખાના – કેમ્પ વખતે નામજોગ જે નામ સૂચવે તે મુજબ યુનિવર્સિટીને પોતાના ડોકટરોની માનદ સેવા ફાળવવા વિ. બાબત.**

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા સંચાલિત હોસ્પિટલો શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટી દ્વારા લીઝ પર આપેલ જગ્યા ઉપર ચાલે છે અને આ હોસ્પિટલોમાં યુનિવર્સિટી દ્વારા વિનામૂલ્યે દર્દીઓને સંપૂર્ણ સારવાર અને દવાઓ આપવામાં આવે છે અને જયાં પણ શકય હોય સોસાયટી અને આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા સંયુકત રીતે આયોજીત આયુર્વેદિક નિદાન કેમ્પોમાં યુનિવર્સિટી દ્વારા ડોકટરોની સેવા તથા આયુર્વેદિક દવાઓ અનુકુળતા તેમજ ઉપલબ્ધતા પ્રમાણે આપવામાં આવે જ છે અને આ સુવિધાઓ ભવિષ્યમાં પણ અનુકુળતા તેમજ ઉપલબ્ધતા મુજબ ચાલુ રાખવી તેવું ઠરાવવામાં આવ્યું.

વિશેષમાં આવા આયુર્વેદિક નિદાન કેમ્પોમાં તંત્ર ઉપર આધાર ન રાખતાં લોકભાગીદારી ઉપર વધારે ભાર મુકાય અને આ લોકભાગીદારી મેળવવામાં યુનિવર્સિટી પણ યથાશકિત સહયોગ આપે તેવી સિન્ડિકેટ ભલામણ કરે છે.

**મુદા નં. ૭ :– આગામી ૨૫ વર્ષની લીઝમાં વાર્ષિક રૂા. ૧/– (અંકે રૂપિયા એક પુરા) ને બદલે માસિક રૂા. ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) એટલે કે, વાર્ષિક રૂા. ૧૨,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બાર લાખ પુરા) ના ભાડા પેટે તેમજ દર પાંચ વર્ષે પરસ્પર સમજુતિ અંતર્ગત ભાડા વધારાની શરતો વિ. બાબત.**

શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી દ્વારા આયુર્વેદના પ્રચાર અને પ્રસારમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના માધ્યમથી જે કામ થઈ રહેલ છે તેની વિશ્વસ્તરે નોંધ લેવાઈ રહી છે અને સોસાયટી તથા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંયુકત રીતે વિશ્વસ્તરે આયુર્વેદના વિકાસ માટે સક્રિયતંત્ર તરીકે કામ કરી રહી છે તેના કારણે જ હાલ ૨૪ દેશોના વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહયા છે. સોસાયટી અને યુનિવર્સિટી તરફથી થયેલ આ કામગીરીને આ સિન્ડિકેટ બીરદાવે છે.

શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી તથા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી બંનેનો ઉદ્દેશ આયુર્વેદનો પ્રચાર–પ્રસાર અને વિકાસ જ હોય અને તેમાં જ કાર્યરત હોય અને યુનિવર્સિટી સંપૂર્ણ રીતે સોસાયટીનો ઉદેશ્ય જાળવવામાં પ્રયત્નશીલ છે અને પ્રયત્નશીલ રહેશે તેમજ શ્રી

ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી તથા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી એકબીજાના પુરક હોય ત્યારે ભાડા વધારાનો પ્રશ્ન ઉપસ્થિત કરવો અસ્થાને છે.

આ ઉપરાંત યુનિવર્સિટી પાસે આવકનો કોઈ બીજો મોટો સ્ત્રોત નથી ત્યારે ભાડાને વાર્ષિક રૂા. ૧/– (અંકે રૂપિયા એક પુરા) થી વધારી માસિક રૂા. ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) કરવા બાબત પુનઃવિચારણા માંગી લે તેવી છે અને યુનિવર્સિટી તેમના આપેલ ઉદ્દેશ્યને જાળવવા માટે સમર્પિત રહે તે હેતુથી વાર્ષિક રૂા. ૧/– (અંકે રૂપિયા એક પુરા) નું ભાડુ જે નકકી છે તે યોગ્ય છે અને તેને યથાવત રાખી આવતાં ૯૯ વર્ષ સુધી લીઝ ચાલુ રહે તેવી સિન્ડિકેટ લાગણી વ્યકત કરે છે.

**મુદા નં. ૮ :– સ્થાવર મિલ્કતનો ઉપયોગ બંધ થાય તો તેની જાણ સોસાયટીને કરવા તેમજ પરસ્પર સમજુતિથી આયુર્વેદિકના પ્રચાર માટે આ મિલ્કતનો ઉપયોગ કરવા વિ. બાબત.**

લીઝ ડીડ મુજબની સ્થાવર મિલ્કતનો સંપૂર્ણપણે આયુર્વેદના વિકાસ અને પ્રચાર માટે ઉપયોગ થતો હોય હાલ આ મુદો અસ્થાને છે. ભવિષ્યમાં કોઈપણ કારણસર જયારે આ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે આ અંગે વિચારણા કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

**મુદા નં. ૯ :– લીઝ ડીડની શરતોનો ભંગ થશે તેમજ સરકારશ્રીના કોઈ કાયદા હેઠળ તેમજ ન્યાયીક કોર્ટના હુકમો અન્વયે લીઝ ડીડ રદ કરવા સોસાયટીને અધિકાર વિ. બાબત.**

હાલ આ પ્રશ્ન અસ્થાને છે.

**મુદા નં.૧૦:–સોસાયટીને વર્ષમાં બે વખત ધન્વંતરિ મંદિર હોલ અને રમત ગમતનું મેદાન વિના મૂલ્યે વાપરવા આપવા વિ. બાબત.**

યુનિવર્સિટીની અનુકુળતા તથા ઉપલબ્ધતા મુજબ સોસાયટીને ધન્વંતરિ મંદિર હોલ અને રમત ગમતનું મેદાન વિના મૂલ્યે યુનિવર્સિટીના નિયમાનુસાર વાપરવા આપવાનું ઠરાવવામાં આવ્યું.

પ્રમુખશ્રીના આભાર સાથે સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

આદેશથી,

**( આર. એમ. ઝાલા )**
કુલસચિવ

નં.આયુ/યુનિ/પ–એસ–ર/ખાસ સભા/ તા.ર૯–૧ર–ર૦૧૧

**પ્રતિ,**
સિન્ડિકેટના સર્વે સદસ્યશ્રીઓ તરફ....

૧. પ્રો. મેધાવી લાલ શર્મા, કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર–૩૬૧ ૦૦૮
૨. નિયામકશ્રી, ભા.ત.હો.પ., ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.–૧, બીજો માળ, ગાંધીનગર–૩૮૨ ૦૧૦ (ગુજરાત રાજય)
૩. એડવાઈઝરશ્રી, (આયુર્વેદ), આઈ.એસ.એમ.એન્ડ એચ., આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, રેડક્રોસ બિલ્ડીંગ, રેડક્રોસ રોડ, નવી દિલ્હી.
૪. પ્રો. એમ. એસ. બધેલ, ડાયરેકટરશ્રી, આઈ. પી.જી.ટી. એન્ડ આર.એ., જામનગર–૩૬૧ ૦૦૮
૫. ડો. એન. બી. કપોપરા, આચાર્યશ્રી, શ્રી ઓ.હી. નાઝર આયુર્વેદ કોલેજ, સુરત–૩૯૫ ૦૦૩
૬. ડો. એસ. પી. નાવડીયા, આચાર્યશ્રી, શ્રી બાલાહનુમાન આયુર્વેદ મહાવિદ્યાલય, મુ. લોદરા, તા. માણસા, જી. ગાંધીનગર–૩૮૨ ૪૨૧
૭. ડો. જી.કે.મનસુરી, શિક્ષકશ્રી, ૧–અલઅમીન સોસાયટી, ઈન્દિરાપાર્ક સામે,જુહાપુરા, અમદાવાદ–૩૮૦ ૦૫૫
૮. ડો. એ. બી. ઠાકર, શિક્ષક પી. જી. બોર્ડ, આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ. જામનગર–૩૬૧ ૦૦૮
૯. ડો. કે.એલ. કોરડીયા, ૮૦૨–નિકિતા એપાર્ટમેન્ટ–બી, પટેલનગર, ઝાંઝરડા રોડ, જુનાગઢ–૩૬૨ ૦૦૧
૧૦. ડો. સાપાવાડીયા પ્રેમજીભાઈ શંકરભાઈ, મેડીકલ ઓફીસર(આયુ), ૭૫૨/૫ વિજયરાજ નગર, જવેલ્સ સર્કલની બાજુમાં, ભાવનગર–૩૬૪ ૦૦૨
૧૧. ડો. ફળદુ ભગવાનભાઈ એન., એફ–૪૮, રવીરત્ન પાર્ક, યુનિવર્સિટી રીંગ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૫
૧૨. ડો. રાજગોર કમલેશભાઈ, ૧૮–સી, ભવનાથ સોસાયટી, ઘાટલોડીયા, અમદાવાદ–૩૮૦ ૦૬૧

---

**નકલ રવાના :–**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | પી. એસ. ટુ વી. સી. | (૨) | પી. એ. ટુ રજીસ્ટ્રાર | (૩) | હિસાબી શાખા |
| (૪) | પરીક્ષા શાખા | (૫) | મહેકમ શાખા | (૬) | એકેડેમિક વિભાગ |
| (૭) | માહિતી વિભાગ | (૮) | એસ્ટેટ વિભાગ | | |